દાદા ભગવાન પરિવારનું

ફેબ્રુઆરી ૨૦૨૩

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



## સંપાદકીય

મિત્રો,

જો પચાસ વર્ષ પહેલા કોઈને કહ્યું હોત કે ભારતમાં બેઠા બેઠા તમે દુનિયાના કોઈ પણ ખૂણે બેઠેલી વ્યક્તિને જોઈ શકો છો, તો એ વાત કદાચ એમને ચમત્કાર જેવી જ લાગી હોત. પણ શું આજે કોઈ એને ચમત્કાર તરીકે સ્વીકારે ?! ના. કારણ કે વિડિયો કોલિંગની ટેકનોલોજી પાછળ સાયન્સ છે.

તો ચમત્કાર જેવું કંઈ હોય છે ખરું ? કે પછી સાયન્સ અથવા કારણ ના જાણવાને લીધે આપણે એને ચમત્કાર તરીકે જોઈએ છીએ ?

ચાલો, આ અંકમાં દાદાશ્રીએ આપેલી ચમત્કાર વિશેની સમજણ મેળવીએ અને સાથે સાથે ઈન્ટરેસ્ટિંગ સ્ટોરીઝ, એક્ટિવિટીઝ અને આલુ-ચીલી સંગે ચમત્કાર પાછળના રહસ્યો જાણીએ.

- ડિમ્પલ મહેતા

# જંતર મંતર ક્યા હૈ અંદર


અક્રમ એક્સપ્રેસ

વર્ષ : ૧૫, અંક : ૬
સળંગ અંક : ૧૭૪
ફેબ્રુઆરી ૨૦૨૩

Editor : Dimple Mehta
Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



© 2023, Dada Bhagwan Foundation
All Rights Reserved

# દાદાજી કહે છે...



ચમત્કાર કોને કહેવાય ? ચમત્કાર એનું નામ કહેવાય કે બીજો કોઈ કરી શકે જ નહીં. માનવી ચમત્કાર કરી શકે જ નહીં.


પ્રશ્નકર્તા : તો આ ચમત્કાર છે શું ?

દાદાશ્રી : ચમત્કાર એટલે મૂરખ બનાવવાનો ધંધો. આપણને સમજણ ના પડેને, એને આપણે ચમત્કાર કહીએ પણ એ હોય છે શું ? એ વિજ્ઞાન છે.

પ્રશ્નકર્તા : પણ દાદા, અમુક લોકો ચમત્કાર કરી બતાવે છે.

દાદાશ્રી : એ તો વિજ્ઞાન ના જાણવાથી ચમત્કાર લાગે છે. એ 'સાયન્સ' છે, ચમત્કાર નથી ! કાં તો વિજ્ઞાન છે અથવા એની હાથચાલાકી છે.

ચમત્કારથી એકેય દુઃખ કે ચિંતા ઓછા થતા નથી. એટલે ચમત્કારનું જીવનમાં સ્થાન નથી. કૃષ્ણ, રામ, મહાવીર ભગવાન કોઈએ ચમત્કારને મહત્વ આપ્યું જ નથી. તેઓ તો પોતાનું આદર્શ જીવન જીવી ગયા.





ચમત્કાર કોને કહેવાય ? જેમાં કોઈ પણ વસ્તુ કે સાધનની જરુર ના પડે.


# આ તો




ચમત્કારમાં કોણ ફસાય ?
જે લાલચુ છે તે !

દાખલા તરીકે : અમુક જાતના પાંદડા પુસ્તકમાં મૂકી રાખવાથી ભણ્યા વગર ચમત્કારિક રીતે બધું જ યાદ રહી જશે, એવી વાતમાં લાલચુ જ ફસાય.






લોક કહેશે, ચમત્કાર થયો, ફલાણી જગ્યાએ મૂર્તિ હલી. તેમાં તને શું ફાયદો થયો ? આપણે આપણો ફાયદો જોવો. ચિંતા ઓછી થાય તો જાણવું કે ફાયદો થયો.

દાખલા તરીકે : કોઈ ચમત્કાર કરીને ટેબલ ઉપર - નીચે કરે તો એમાં આપણને શું ફાયદો થાય ? શું એ ચમત્કારથી આપણું એક્ઝામનું ટેન્શન ઓછું થાય ? ના.

# નવી જ વાત !

કેટલીક જગ્યાએ મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરે ત્યારે જે અમીઝરણાં થાય છે, તે શાસન દેવો પ્રતિષ્ઠા કરેલી મૂર્તિઓનું મહત્ત્વ વધારવા માટે કરે.



# કોઝ & ઈફેક્ટ

"આ બધી જ બુક્સ અને કપડાં જગ્યા પર ગોઠવાઈ જવા જોઈએ. સાયન્સનું હોમવર્ક થઈ જવું જોઈએ. અને હા, ડિનરમાં હું ફલાફલ સેન્ડવિચ, કોક અને બનાના વોલ્નટ મફિન્સ લઈશ." અનેરીએ ખુરશી પર બેઠા બેઠા ઓર્ડર ફેંક્યો. પણ ઓર્ડર તો ફક્ત હવામાં ફેંકાયો હતો. ઓર્ડર રિસીવ કરનાર તો ક્યાં કોઈ હતું ?

ત્યાં તો મમ્મીનો અવાજ આવ્યો, "અનેરી, ક્યાં છે તું ?"

અને અનેરી એકદમ ટટ્ટાર બેસી ગઈ. ના ના, અનેરી કોઈ સપનું નહોતી જોઈ રહી. એ તો પોતાના એવા ડ્રીમ વર્લ્ડમાં હતી જેમાં એને સાયન્સ ભણવું ના પડે, કોઈ કામ કરવું ના પડે અને બસ મસ્ત મજાનું ખાવાનું મળતું રહે !

"આવી, મોમ..." અનેરીએ પોતાની જાતને મમ્મીના ઠપકા માટે તૈયાર કરી દીધી. મમ્મીના શબ્દો પણ એને મોઢે થઈ ગયા હતા. મનમાં ને મનમાં એ મમ્મીના શબ્દો બોલી રહી હતી. "અનેરી, તારા રુમની હાલત તો જો ! આ બધું સાફ કોણ કરશે ? કોઈ જાદુ નથી થવાનો. તારે જાતે જ કરવું પડશે."

આમ તો અનેરીને ખબર હતી કે રિયલ વર્લ્ડમાં જાદુ ના થાય. મેજિક તો ફક્ત મૂવિઝ અને બુક્સના ફેન્ટસી વર્લ્ડમાં જ થાય. પણ છતાંય એને પોતાના ડ્રીમ વર્લ્ડમાં રહેવાની મજા આવતી. કારણ કે રિયલ વર્લ્ડના કામ અને ભણતરમાં એને ખૂબ જ કંટાળો આવતો.

પણ આ વખતે રુટીન શબ્દોમાં મમ્મીએ કંઈક નવું ઉમેર્યું, "પણ હા, જાદુ થવાનો છે !" અનેરીના કાન અદ્ધર થઈ ગયા.

"આજે સાંજે ટાઉનહોલમાં એક મેજિક શો છે. ડેડી શોની ટિકિટ લાવવાના છે. પણ જો તું સાયન્સનું હોમવર્ક ફિનિશ કરીશ તો જ જવા મળશે." મમ્મીએ કન્ડિશન મૂકી.





અનેરીએ રાજી રાજી મમ્મીની વાત માની લીધી. એની લાઈફનો પહેલો મેજિક શો હતો. એ તો કેવી રીતે ચૂકાય ?

ટાઉનહોલના ઓડિયન્સમાં કદાચ અનેરી જેટલું એક્સાઈટમેન્ટ કોઈને નહોતું. સ્ટેજ પર ધુમાડો પ્રસર્યો. અને એમાંથી ગોલ્ડન શાઈનિંગ ડ્રેસમાં એક લેડી બહાર આવી. એ લેડીને જોઈને અનેરી સ્તબ્ધ થઈ ગઈ.

સ્ટેજ પર એક ટેબલ ગોઠવવામાં આવ્યું. ટેબલ પર બે ગ્લાસ મૂકવામાં આવ્યા. લેડી ટેબલ પાસે ગઈ અને એક ગ્લાસમાં પાણી રેડ્યું. ગ્લાસ ઓડિયન્સ સામે ઊંચો કર્યો. પછી એણે એ જ પાણી બીજા ખાલી ગ્લાસમાં રેડ્યું. ગ્લાસ ઊંચો કરીને ઊંધો કર્યો, તો પાણી ગાયબ થઈ ગયું હતું. તાળીઓનો ગડગડાટ થયો અને અનેરીના અચંબાનો પાર ના રહ્યો. મેજિક તો ફક્ત એને મૂવિઝ કે બુક્સમાં જ જોયું હતું.

"શું રિયલ લાઈફમાં પણ મેજિક પૉસિબલ છે ?!" અનેરી મેજિકથી વધુ મેજિક કરનાર લેડીથી ઈમ્પ્રેસ થઈ હતી. એ ક્ષણે તો અનેરી માટે એ લેડીથી વધુ પાવરફુલ દુનિયામાં કોઈ જ નહોતું.

લેડી હવે બીજા ટેબલ પર ગઈ. ત્યાં એક મોટું કાચનું વાસણ હતું. જેમાં પાણી ભરેલું હતું. લેડીએ કાચની બોટલ પાણીમાં નાખી. બોટલ પાણીમાં ડૂબી

ગઈ. હવે, લેડી બીજા કાચના વાસણ પાસે ગઈ, જેમાં પાણી જેવું જ લિક્વિડ હતું. લેડીએ બધાની સામે બોટલ એમાં નાખી. આંખો બંધ કરીને એક મંત્ર બોલી અને બોટલ વાસણમાંથી ગાયબ થઈ ગઈ. ફરી તાળીઓનો ગડગડાટ થયો. અનેરી મંત્રમુગ્ધ બની ગઈ. પલક ઝબકાવ્યા વગર એણે આખો શો જોયો.

તે રાત્રે ઘરે જઈને અનેરી પોતાની કલ્પનાની દુનિયામાં નહીં, પણ મેજિકની દુનિયામાં ખોવાઈ ગઈ. એણે પોતાની સાયન્સ બુક્સ ટેબલ પર ગોઠવી અને પેલી મેજિક લેડીની જેમ પોતાના હાથ ઉપર-નીચે કર્યા. ક્યાંક અંદર અંદર એને એવી ઈચ્છા થઈ કે સાયન્સ બુક્સ પણ ગાયબ થઈ જાય. એના હાથ થાકી ગયા પણ બુક્સ તો ત્યાંની ત્યાં જ રહી.

"કંઈ નહીં, પડી રહો અહીં. આજે તો હું તમને સ્કૂલ બેગમાં પેક નથી કરવાની. કાલે સાયન્સ ક્લાસમાં ગેસ્ટ સ્પીકર આવવાના છે, એટલે મારે તમારી કોઈ જરુર નથી." જાણે સાયન્સ બુક્સ એની વાતો સાંભળતી હોય એમ અનેરીએ બુક્સને કહી સંભળાવ્યું.

બીજા દિવસે, સાયન્સ ક્લાસમાં ગેસ્ટ સ્પીકરને જોઈને અનેરીને તો પોતાની આંખો પર વિશ્વાસ જ ના આવ્યો. જે લેડી ગઈકાલે એને દુનિયાની સહુથી પાવરફુલ વ્યકિત લાગતી હતી, તે આજે સાવ જ ઓર્ડિનરી દેખાઈ રહી હતી. હા, મેજિક શોની મેજિક લેડી સાયન્સ ક્લાસના ગેસ્ટ સ્પીકર હતા.

સાયન્સ ટીચરે આખા ક્લાસને મેજિક લેડીની ઓળખાણ કરાવી, "આ છે મિસ સુનંદા, મારા સ્કૂલ ફ્રેન્ડ. નાનપણથી અમને બેઉને સાયન્સમાં બહુ જ ઈન્ટરેસ્ટ હતો. અને એટલે જ હું સાયન્સ ટીચર બની અને મિસ સુનંદા મેજિશિયન બન્યા.



જે પોતાના મેજિકમાં સાયન્સના પ્રયોગ કરે છે. આજે સુનંદા મેડમ આપણી સાથે 'સાયન્સ ઈન મેજિક' વિશે વાતો કરશે.''

સુનંદા મેડમે મેજિક શોમાં બતાવેલી અમુક મેજિક ટ્રિક્સ ક્લાસરુમમાં કરી બતાવી. આખા ક્લાસમાં ''ઉહ...આહ..'' થઈ ગયું. બાળકોના અચંબાનો પાર ના રહ્યો. અનેરીને એનું એ મેજિક ફરી જોવાની એટલી જ મજા આવી.

''તો કેવું લાગ્યું મેજિક ?'' મિસ સુનંદાએ ક્લાસને પૂછ્યું.

''અમેઝિંગ'', ''સુપર્બ'', ''ફેન્ટાસ્ટિક'' જેવા શબ્દો બાળકોએ કહ્યા.

''મેમ, એક પ્રશ્ન પૂછું ?'' અનેરીએ હિંમત કરીને કહ્યું.

''હા હા, વાય નોટ ! આપણે આજે વાતો કરવા માટે જ ભેગા થયા છીએ.''

''મેમ, શું તમે તમારા મેજિકલ પાવર્સથી કંઈ પણ ગાયબ કરી શકો ?'' અનેરીએ પૂછ્યું.

મિસ સુનંદાને હસવું આવી ગયું. ''જો મારી પાસે કંઈ પણ ગાયબ કરવાનો મેજિકલ પાવર હોત, તો સહુથી પહેલા હું મારું જ દર્દ ગાયબ ના કરી દેત ?'' સુનંદા મેડમે પોતાની કમર પર બાંધેલા બેલ્ટ તરફ ઈશારો કરીને કહ્યું, ''દુખાવાના કારણે આ બેલ્ટ પહેરવો પડે છે. દુનિયામાં મેજિક જેવું કંઈ હોતું જ નથી. આ તો બધું સાયન્સ છે.''

''સાયન્સ ?!'' આ શબ્દ સાંભળીને અનેરીનું મોઢું ઊતરેલી કઢી જેવું થઈ ગયું.

''હા, સાયન્સ. જે ગ્લાસમાં મેં પાણી નાખ્યું હતું એ ગ્લાસમાં પૉલી એક્રિલિક નામનું એક કેમિકલ હતું, જે પાણી ચૂસી લે. અને એટલે તમને બધાને એવું લાગ્યું કે પાણી ગાયબ થઈ ગયું. જે કાચના વાસણમાં મેં કાચની બોટલ નાખી, એમાં પાણી નહીં પણ ગ્લિસરીન હતું. પ્રકાશના નિયમોના કારણે કાચની બોટલ અંદર હોવા છતાંય તમને ના દેખાઈ.'' મિસ સુનંદાએ મેજિક શોની ટ્રિક્સ પાછળનું સાયન્સ ખુલ્લું કર્યું.

''ફ્રેન્ડ્સ, આ દુનિયા સાયન્સથી ચાલે છે. જેમ સાયન્સમાં કોઝ અને ઈફેક્ટનો નિયમ હોય છે, તેમ મેજિકમાં પણ એ જ લાગુ થાય છે. કોઈ પણ ઈફેક્ટની પાછળ કોઝીઝ હોય છે. તમને જે મેજિક દેખાયું એ તો ઈફેક્ટ હતી. એની પાછળ મને ગ્લિસરીન, પૉલી એક્રિલિક વગેરે કોઝીઝની જરુર પડી હતી. તે જ રીતે લાઈફના પ્રૉબ્લેમ્સ પણ કોઝ અને ઈફેક્ટથી સૉલ્વ થાય, નહીં કે મેજિકની રાહ જોવાથી ! સારા માર્કસની 'ઈફેક્ટ' જોઈતી હોય તો હાર્ડ વર્કનું 'કોઝ' નાખવું પડે.''

બાળકોએ મિસ સુનંદાને જાતજાતના પ્રશ્નો પૂછ્યા. સાયન્સથી આટલી ઈન્ટરેસ્ટિંગ મેજિકલ ટ્રિક્સ થઈ શકે એ જાણીને બાળકોની સાયન્સ પ્રત્યેની રુચિ પણ વધી ગઈ.

અનેરીને પણ તે દિવસે પહેલીવાર સાયન્સનું મહત્વ સમજાયું. જેનું મહત્વ સમજાય, એમાં ઈન્ટરેસ્ટ પણ વધે જ ! ધીરે ધીરે અનેરી પોતાના ડ્રીમ વર્લ્ડમાં ઓછું અને સાયન્સ વર્લ્ડમાં વધુ રહેવા લાગી. કોઝ અને ઈફેક્ટના નિયમનો પ્રયોગ કરતા કરતા હાર્ડ વર્કના કોઝથી હવે ફક્ત અનેરીનું સાયન્સ હોમવર્ક જ ટાઈમસર નહોતું થઈ જતું, પણ મમ્મીનો ઠપકો પણ ઓછો થવા લાગ્યો હતો !




# હેડી લમાર

**હાય ફ્રેન્ડ્સ, હું રીઝો. અમે યુ.એસ.એના 'શેનનડોઆ નેશનલ પાર્ક'માં હાઈકિંગ માટે આવ્યા છીએ. અહીં વાઈ-ફાઈ સિગ્નલ વીક છે. અને થીયો મને નેચરલ બ્યૂટી એન્જોય કરવાનું કહ્યા કરે છે.**

**પણ થોડું નેટવર્ક મળ્યું છે. એટલે ગયા અઠવાડિયે વોશિંગ્ટન ડી.સીના સાયન્સ મ્યૂઝિયમમાં 'મધર ઓફ વાઈ-ફાઈ' હેડી લમાર વિશે જે વાંચ્યું, એ શેર કરું છું.**



મિત્રો, ૧૧ ફેબ્રુઆરીએ છે 'ઈન્ટરનેશનલ ડે ઓફ વીમેન એન્ડ ગર્લ્સ ઈન સાયન્સ'.

હજારો બહેનોએ સાયન્સના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. અને એમાંના એક છે હેડી લમાર.

હેડીનો જન્મ ઓસ્ટ્રિયામાં થયો હતો. નાનપણથી જ હેડીને સાયન્સમાં ખૂબ ઈન્ટરેસ્ટ હતો. જ્યારે નાનકડી હેડી પોતાના ફાધર સાથે ચાલવા નીકળતી ત્યારે મશીનો કેવી રીતે ચાલે એની વાતો કરતી.

પાંચ વર્ષની ઉંમરે હેડીએ પોતાનું મ્યુઝિક બોક્સ કેવી રીતે ચાલે છે એ શોધવા માટે એના બધા સ્પેર પાર્ટ્સ છૂટા પાડીને ફરી ગોઠવી દીધા હતા.



યુવાવયે હેડીનો ઈન્ટરેસ્ટ અન્ય ક્ષેત્ર જેવા કે ફિલ્મ એક્ટિંગ, મ્યુઝિક વગેરેમાં વધ્યો હતો પણ સાયન્સમાં બિલકુલ ઘટ્યો ના હતો.

એક દિવસ હેડી પોતાના મિત્ર હાવર્ડ હ્યુસ સાથે બેસીને ગપ્પાં મારી રહી હતી. હાવર્ડ એક બિઝનેસમેન હતા. વાતો વાતોમાં હાવર્ડએ હેડીને કહ્યું, "મારે દુનિયાના ફાસ્ટેસ્ટ એરોપ્લેન્સ બનાવવા છે, જે હું એર ફોર્સમાં આપી શકું." અચાનક હેડી ત્યાંથી ઊભી થઈ ગઈ અને પોતાની લાઈબ્રેરીમાં ગઈ. ત્યાંથી તે બે પુસ્તકો લઈ આવી - અમેઝિંગ બર્ડ્સ અને અન્ડર-વોટર લાઈફ.

બેઉ પુસ્તકોમાંથી ફાસ્ટેસ્ટ બર્ડ અને ફાસ્ટેસ્ટ ફીશના ચિત્રો શોધી ફટાફટ તે ચિત્રો પરથી પ્લેન ની પાંખોની કાચી ડિઝાઈન દોરીને એણે હાવર્ડને આપી દીધી. હાવર્ડ તો ડિઝાઈન જોઈને દંગ જ રહી ગયા.

આ તો હેડીના તેજ દિમાગની માત્ર એક નાનકડી ઝલક છે.

લગભગ ૧૦૦ વર્ષ પહેલા હેડી લમારે કરેલી સાયન્ટિફિક શોધખોળનો ઉપયોગ આજે સેલ ફોન્સ, બ્લૂટૂથ, વાઈ-ફાઈ વગેરેમાં થાય છે. સાયન્સના ક્ષેત્રમાં પોતાની એકસ્ટ્રા ઓર્ડિનરી શોધખોળના કારણે આજે હેડી લમાર 'ધ મધર ઓફ વાઈ-ફાઈ' તરીકે ઓળખાય છે.



**તમે માનશો નહીં પણ આ મ્યૂઝિયમમાંથી ઝોઈને બહાર કાઢવામાં અમારો દમ નીકળી ગયો હતો. આખરે, જીફીએ એને ઊંચકીને બહાર કાઢી હતી.**

**હવે નેક્સ્ટ ટ્રિપ ક્યાં કરવી એની મારે મીટિંગ કરવાની છે. તો બાય, ફરી મળીશું !**


મેજિકલ રિવર
LIVE
અમેરિકાથી હું છું ટોમ કુપર અને મારી સાથે છે કેમેરામેન લી.
આફ્રિકાના જંગલથી અમે 'મેજિકલ રિવર'નું પ્રસારણ કરી રહ્યા છીએ. અમારી સાથે જોડાયેલા રહેજો.
શું નામ છે તમારું ? અને આ નદીમાં શું ચમત્કારિક છે ?
મારું નામ રોમ્પી છે. આ નદીમાં તાંબાનો સિક્કો નાખી, તમે જે ઈચ્છા કરશો એ પૂરી થઈ જશે.
રિયલી ? કોઈ પણ ઈચ્છા ?
વેલ, બધી જ તો નહીં. પણ, મોટા ભાગે બધી જ !


ઓહ ! આઈ સી. અહીંયા મિસ્ટર હાથી દેખાઈ રહ્યા છે. ચાલો જોઈએ કે એ શું ઈચ્છા કરી રહ્યા છે ?
ઓહ ! મેજિકલ રિવર, હું ફિફ્ટી યર્સ ઓલ્ડ છું. મારું આયુષ્ય ફિફ્ટી યર્સ વધારી દે.
કોઈ નદી આયુષ્ય કેવી રીતે વધારી શકે ?
એટલે જ તો આ ચમત્કારિક નદી કહેવાય છે.
શું આ નદીએ જંગલમાં કોઈના આયુષ્ય વધાર્યા છે ?
હા હા, ઘણાયના. હવે, અમારા ગ્રેટ અંકલને જ જોઈ લો ! એમનું આયુષ્ય છે એકસો ને દસ વર્ષ.
તો ચાલો, અહીં એક નાનકડો બ્રેક લઈશું. અને બ્રેક પછી મળીશું ધી ગ્રેટ અંકલ, એટલે કે મિસ્ટર કાચબાને.


ચમત્કાર તો પૉસિબલ નથી. આની પાછળ ચોક્કસ કંઈક જુદું જ રહસ્ય હોવું જોઈએ.
હમ્મ... નક્કી કાચબા પાસેથી જાણવા મળશે.
તો બ્રેક પછી આપણી સાથે છે, ધી ગ્રેટ અંકલ !
સર, આ મેજિકલ રિવર પાછળનું રહસ્ય શું છે ?
વર્ષો પહેલાની વાત છે. હું લગભગ પંદર વર્ષનો હતો. જંગલમાં બહુ બધી બીમારીઓ ફેલાઈ ગઈ હતી.
કોઈને ખ્યાલ નહોતો કે બીમારીનું કારણ શું છે. મારા દાદાજી એક સાયન્ટિસ્ટ હતા. તેમણે શોધી કાઢ્યું કે બીમારીનું કારણ પીવામાં આવતું નદીનું પાણી છે. પાણીને સાફ કરવા માટે તાંબું(કોપર) ઉપયોગી છે.


જો તાંબાના સિક્કા નદીમાં નાખવામાં આવે તો નદીનું પાણી નિરોગી થઈ જાય. પણ દાદાજીના કહેવાથી કોઈ પોતાના તાંબાના સિક્કા નદીના પાણીમાં શું કામ ફેંકે ?
એટલે દાદાજીએ આઈડિયા કર્યો. એમણે જંગલમાં બધાને કહ્યું, કે તાંબાના સિક્કા નદીમાં નાખવાથી ચમત્કાર થશે અને ઈચ્છાઓ પૂરી થશે.
મનમાં ઈચ્છા કરી, બધા તાંબાના સિક્કા નદીમાં નાખવા લાગ્યા. વિજ્ઞાન કામ કરવા લાગ્યું અને પાણી ચોખ્ખું થવા લાગ્યું.
બીમારીઓ ઓછી થતી ગઈ. બધા કામે વળગ્યા. અને શ્રેય ગયો ચમત્કારિક નદીને !
તો ફ્રેન્ડ્સ, પુરવાર થાય છે કે ચમત્કાર જેવું કંઈ હોતું જ નથી ! આફ્રિકન જંગલની 'મેજિકલ રિવર'થી, હું ટોમ કુપર, કેમેરામેન લી સાથે આપની વિદાય લઉં છું.


AALOO CHILLY
તું હજી સૂતો નથી ?
હું કાલે સ્પર્ધામાં હારી જઈશ તો ?
ચીલી, આ લે મેજિક ડ્રિંક. આ પીને જ કોકો કોયલ દર વર્ષે જીતે છે.
સાચે ?
ચીલી ડ્રિંક પીને તરત સૂઈ જાય છે.


આ.. આ..
આલુ, હું જીતી ગયો !
મેજિક ડ્રિંકે ચમત્કાર
કર્યો.
ના ના, તે કર્યો.
મેજિક ડ્રિંકે
નહીં !
મેજિક ડ્રિંક તો
એક્ચુઅલી ચીલી શેક જ હતો.
એમાં મેં કેમોમિલ ફ્લાવર નાખેલા.
એટલે તને સરસ ઊંઘ આવી
ગઈ.
તું સૂઈ ગયો એટલે તારા
ગળાને રેસ્ટ મળ્યો. અને
પછી તું સરસ ગાઈ શક્યો !
એટલે હું મારી
મહેનતથી
જીત્યો ?!
હાસ્તો ! આ વર્લ્ડનો
બેસ્ટ સિંગર તો તું જ
છે ને !
આલુ, યૂ
આર સો
સ્માર્ટ !

# મીઠી યાદેં...

વર્ષો પહેલાની આ વાત છે. પાંચમી માર્ચે પૂજ્યશ્રી અને નીરુમા સત્સંગ પ્રવાસેથી મુંબઈ પાછા ફર્યા. રાત્રે નીરુમાને ખ્યાલ આવ્યો કે બીજા દિવસે, એટલે કે છઠ્ઠી માર્ચે પૂજ્યશ્રીનો જ્ઞાનદિવસ છે. અને તરત જ નીરુમાએ નક્કી કર્યું કે પૂજ્યશ્રીના જ્ઞાનદિવસની ઉજવણી કરવામાં આવે.

લગભગ સિત્તેર જેટલા મહાત્માઓને ફોન કરીને આમંત્રણ અપાયું. સાથે સાથે સાંજે પ્રસાદમાં વડાપાઉં અને મસાલા મિલ્કની ગોઠવણી થઈ. આ બધું જ સેટિંગ નીરુમાએ કર્યું.

હવે બન્યું એવું કે સિત્તેર મહાત્માઓના પ્રસાદની વ્યવસ્થા કરી હતી ત્યાં લગભગ ત્રણસો-સાડી ત્રણસો જેટલા મહાત્માઓ આવી ગયા.


દૂધ એક ડ્રમમાં ભર્યું હતું. થોડીવાર થાય અને નીરુમા ચેક કરી લે કે દૂધ ખૂટ્યું તો નથી ને ? પણ દૂધ તો જરાય ના ખૂટ્યું. અરે, ઉપરથી એટલું વધ્યું કે આડોશ-પાડોશને બાટલીઓ ભરીને પ્રસાદ વહેંચવામાં આવ્યો.

શું આ ચમત્કાર કહેવાય ? ના. નીરુમાની મહાત્માઓને જમાડવાની ભાવના અને એમની પ્યોરિટીના એવા પડઘા પડ્યા કે એકવાર તેઓ દૂધના ડ્રમને અડી ગયા તો એ ખૂટ્યું જ નહીં !



# ચાલો રમીએ...જાદુ સાથે...


બાળમિત્રો, મેજિક શોમાં ઘણી બધી જગ્યાએ સિક્કાને અદ્રશ્ય કરવાની અવનવી વાતો તેમજ ટ્રીક્સ આપણે જોઈ અથવા જાણી હશે. તો આવો આપણે પણ એક આવી જ મેજિક ટ્રીક શીખીએ અને લોકોને મેજિક કરી બતાવીએ.




1. તમને જોઈશે...
સિક્કો, કાતર, ૨ પેપર, કાચનો ગ્લાસ, પેન્સિલ, ગ્લુ



2. એક જ સરખા ૨ પેપરમાંથી ૧ પેપર પર ગ્લાસ ઊંધો મૂકી તેના આકારનું ગોળ કાપો.





3. કાપેલ ગોળાકાર બીજા પેપર પર મૂકો. હવે ગ્લાસની ધાર પર ગ્લુ લગાવી રેડી રાખો.



4. હવે સિક્કો પેપર પર મૂકી દો. લોકોને ખાલી ગ્લાસ બતાવ્યા બાદ કાપેલ ગોળાકાર પર ઊંધો ગ્લાસ મૂકો જેથી ગ્લાસ ગોળાકાર સાથે ચોંટી જશે. પછી ધીમે ધીમે ગ્લાસ સિક્કા તરફ ખસેડો અને પછી તેને સહેજ ઉપર કરી સિક્કા પર મૂકો. થઈ ગયોને સિક્કો ગાયબ !

**Magician Tip**

મિત્રો, જ્યારે તમે આ ટ્રીક બતાવો ત્યારે આગળના સ્ટેપ ૧,૨,૩ કોઈને ખબર ના પડે એ રીતે રેડી રાખો અને જોનારને સ્ટેપ ૪ બતાવો.

**તો, હવે તમે પણ રેડી છો ને લોકોને તમારું મેજીક બતાવવા ?**

Akram Express

February 2023
Year : 15, Issue : 6
Conti. Issue No.: 174

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# CREATIVE CONTEST

હેલ્લો મિત્રો,

હું તમારા માટે એક ક્રિએટીવ કોન્ટેસ્ટ લઈને આવ્યો છું, જેમાં નીચે આપેલા ફિંગર પપેટ બનાવી તેનો ઉપયોગ કરી એક ક્રિએટીવ વીડિયો સ્ટોરી બનાવવાની છે. સ્ટોરી વધુમાં વધુ ૧૫ થી ૨૦ લાઈનની હોવી જોઈએ. આ સ્ટોરી-વીડિયો ૯૩૧૩૬૬૫૫૬૨ પર ૧૫ ફેબ્રુઆરી સુધીમાં પપેટ સાથે તમારે સ્ટોરી કહેતો વીડિયો મોકલાવવાનો રહેશે.



## સરપ્રાઇઝ ગિફ્ટ

જેમનો વીડિયો શોર્ટ અને ક્રિએટીવ હશે તેમને મળશે એક સરપ્રાઇઝ ગિફ્ટ.

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.